INDIAN NATIONAL CONGRESS

# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

''રાજીવ ગાંધી ભવન'', એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨, ૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૮૫૮૯
website : www.incgujarat.com • E-mail : gpcc1234@gmail.com

અખબારી યાદી તા. ૮-૦૪-૨૦૨૪

- **દેશ સતત વધી રહેલી ગુન્હાખોરી અને મહિલાને લગતા ગુન્હાઓમાં ચિંતાજનક વધારો: દેશમાં છેલ્લા નવ વર્ષમાં મહિલા પર અત્યાચારના ૩૩,૯૩૨૯૪ અને ગુજરાતમાં ૭૫૪૯૯થી વધુ ગુનાઓ નોંધાયા**
- **દેશમા અનુસૂચિત જાતિને લગતા ૪,૧૬,૯૯૦ ગુનામાં અને ગુજરાતમાં ૧૧૭૫૧થી વધુ ગુન્હાઓ નોધાયા**
- **સલામત ગુજરાતમાં કાયદો વ્યવસ્થાની કથળતી સ્થિતિ ચિંતાજનક.**

દેશ સતત વધી રહેલી ગુન્હાખોરી અને મહિલાને લગતા ગુન્હાઓમાં ચિંતાજનક વધારો થઈ રહ્યો છે. ભાજપ સરકારમાં કાયદા વ્યવસ્થાની સ્થિતી સતત કથળી રહી છે ત્યારે શું આ છે સલામત ગુજરાત? તેવો વેધક પ્રશ્ન સાથે ભાજપ સરકાર પર આકરા પ્રહાર કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડિયા કન્વીનર અને પ્રવક્તાશ્રી ડૉ.મનીષ દોશીએ જણાવ્યું હતું કે ભાજપ સરકારના રાજમાં દેશમાં ગુનાખોરીમાં વધારો થયો છે. રાજ્યમાં પણ ગુનાખોરીમાં વધારો થતા આંકડા સામે આવ્યા છે. દેશમાં મહિલાઓને લગતા ૩૩,૯૩,૨૯૪ ગુના નોધાયા છે. ગુજરાતમાં છેલ્લા નવ વર્ષમાં મહિલાઓને લગતા ૭૫૪૯૯થી વધુ ગુનાઓ નોંધાયા છે. દેશમાં ૯ વર્ષમાં મહિલાઓ પર દુષ્કર્મના ૩ લાખથી વધુ અને ગુજરાતમાં ૫૫૬૦ થી વધુ કેસ નોધાયા છે. દેશમા અનુસૂચિત જાતિને લગતા ૪,૧૬,૯૯૦ ગુનામાં અને ગુજરાતમાં ૧૧૭૫૧થી વધુ ગુન્હાઓ નોંધાયો છે. ભાજપ શાસનમાં મહિલા, અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિને લગતા ગુન્હાઓ તો વધ્યા જ છે પરતું બાળકોને લગતા ગુન્હામાં પણ ચિંતાજનક વધારો છે. દેશમાં બાળકોને લગતા ૧૨ લાખ જેટલા ગુન્હાઓ અને ગુજરાતમાં ૩૩,૦૦૦ જેટલા ગુન્હાઓ નોધાયા છે. વર્ષ ૨૦૨૨માં મહિલાઓને લગતા ૪,૪૫,૨૫૬ જેટલા ગુન્હાઓ નોધાયા છે. જેમાંથી ગુજરાતમાં ૭૭૩૧ જેટલા ગુન્હાઓ નોધયા હતા. ગુજરાતમાં વર્ષ ૨૦૧૬થી ૨૦૨૨ સુધીમાં ૯૭ કસ્ટોડીયલ ડેથ થયા છે. જેમાં ઝીરો કન્વીક્શન રેટએ ભાજપ સરકારની નિષ્ફળતાને ઉજાગર કરે છે.

રાજ્યના ગૃહમંત્રીનાં શહેર સુરતમાં ક્રાઈમ રેટ ત્રણ વર્ષ ૫૦ ટકા કરતા વધ્યો છે. સલામત ગુજરાતની વાત કરનાર ભાજપ સરકારમાં હિરા અને ટેક્ષ્ટાઈલની નગરી સુરતમાં જ ક્રાઈમ રેટમાં સતત વધારો થઈ રહ્યો છે. છેલ્લા ૬૦ દિવસ કરતા વધુ સમય પસાર થઈ ગયો હોવા છતાં કાયમી પોલીસ કમિશ્નરની નિમાણંક અંગે હજુ સુધી સરકાર કેમ નિર્ણય કરતી નથી ? તત્કાલીન મુખ્યમંત્રીએ પણ ભાજપ સરકારના ગૃહવિભાગમાં સૌથી વધુ ભ્રષ્ટાચાર થાય છે તેમ જણાવ્યું હતું. સુરતમાં ગુન્હાખોરીમાં ગત ૩ વર્ષમાં ૫૦.૪૫ ટકાનો વધારો થયો છે. સુરતમાં વસ્તુઓ ચોરાઈ જવાની ચિંતામાં ૩૪.૪૭ ટકા, કાર ચોરાઈ જવાની ચિંતા ૨૬.૪૫ ટકા અને ભ્રષ્ટાચાર- લાંચની ચિંતા ૫૫.૫૩ ટકા જેટલો છે ગુનાખોરીમાં સુરત અવ્વલ નંબરે આવી ગયુ છે. સુરતમાં ૭૨ કલાકમાં આઠથી વધુ હત્યા-ખૂનના કિસ્સાઓ સામે આવ્યા છે. મહિલાઓ સાથે અત્યાચારનાં ગુન્હાઓમાં સતત વધારો થયો. દેશમાં છેલ્લા ૧૦ વર્ષમાં ગુન્હામાં સતત વધારો થયો છે. રાજ્યમાં અપહરણ, બળાત્કાર, ઘરેલુ હિંસા, દહેજ મૃત્યુ અને શોષણ, મહિલાઓ પર એસિડથી પણ હુમલા, મહિલાઓનું ટ્રાફિકીંગ, મહિલાઓ સાઈબર ક્રાઈમ સહિતના ગુન્હાઓ થઇ રહ્યા છે. મહિલાઓને લગતા અપરાધના મામલા વધી રહ્યાં છે ત્યારે મહિલાઓ પર થતા અત્યાચારો ઉપર લગામ લગાવવા અને દીકરીઓને સુરક્ષા આપવામાં નિષ્ફળ ભાજપ સરકાર જવાબ આપે.

(હિરેન બેન્કર)
પ્રવક્તા
૯૭૨૩૫૫૦૩૫૫